# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ००૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૧/૭/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીમાં સ્કીલ ડેવલપમેન્ટના મહત્વ વિશે ચેમ્બરમાં સેમિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવારે, તા. ૧૦ જુલાઇ ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે નાનપુરા સમૃદ્ધિ ખાતે 'ટેક્ષટાઇલ ઈન્ડસ્ટ્રીમાં સ્કીલ ડેવલપમેન્ટના મહત્વ' વિશે સેમિનાર યોજાયો હતો. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ટેક્ષટાઇલ સેકટર સ્કીલ કાઉન્સીલના ડાયરેકટર ઓપરેશન્સ ડો. વિજયકુમાર યાદવે ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીના ગ્રોથ માટે સ્કીલ ડેવલપમેન્ટના મહત્વ વિશે માર્ગદર્શન આપી અને પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાની વિસ્તૃતપણે માહિતી આપી હતી. સાથે જ ઉદ્યોગકારોને સરકારની સ્કીલ ડેવલપમેન્ટની યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, આજનો કાર્યક્રમ ટેક્ષટાઇલ ઈન્ડસ્ટ્રીના ગ્રોથ માટે ખૂબ જ મહત્વનો છે. ટેક્ષટાઇલ ઈન્ડસ્ટ્રીના ગ્રોથ માટે મુળભુત પ્રશ્ન સ્કીલ લેબરનો હોય છે. સરકાર એકટીવ છે અને વિવિધ યોજનાઓ બનાવી છે પણ એ યોજનાઓ ઇન્ડસ્ટ્રી સુધી પહોંચાડવા માટે ચેમ્બરે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.

ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી ભરત ગાંધીએ ટેક્ષટાઇલ ઈન્ડસ્ટ્રીમાં પ્રોકટીવિટી લાવવા માટે લેબર વર્ગની ટ્રેનીગ જરૂરી હોવાનું જણાવી સર્વેને યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

ડો. વિજયકુમાર યાદવે વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, ટેક્ષટાઇલ ઈન્ડસ્ટ્રીની જરૂરિયાત મુજબ સરકારે પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (પીએમકેવીવાય) અંતર્ગત નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનએસડીસી) દ્વારા ૨૭ જેટલા કોર્સ ડેવલપ કર્યા છે. જેમાં ટેક્ષટાઇલ ઈન્ડસ્ટ્રીના સ્પીનીગ, વિવિંગ, નીટિંગ, કેમિકલ પ્રોસેસિંગ અને

હેન્ડલૂમ્સ વિગેરે તમામ ૧૯ જેટલા સેકટરનો સમાવેશ થાય છે. તેમણે ઉદ્યોગકારોને કેપ્ટીવ પ્લેસમેન્ટની યોજનાની સમજણ આપતા જણાવ્યુ હતુ કે એમ્પ્લોયર એટલે કે ઉદ્યોગકાર આ યોજના હેઠળ જેટલા લોકોને ટ્રેનીગ આપવા માટે કહે છે તેમાંથી ૫૦ ટકા લોકોને એમ્પ્લોયરે પોતાની ઓર્ગેનાઇઝેશનમાં નોકરીએ રાખવાના હોય છે. સરકાર એમ્પ્લોયર પાસે કેપ્ટીવ પ્લેસમેન્ટનો આગ્રહ રાખે છે. જે અંતર્ગત સરકાર આ યુવાઓને ઇન્ડસ્ટ્રી બેઈઝ્ડ સ્કીલ પ્રોવાઇડ કરીને એમ્પ્લોયરને તેની પાછળ થતો ખર્ચ આપે છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, સરકારે ગુણવત્તાની ઓળખ માટે માપદંડ બનાવ્યા છે. ઇન્ડસ્ટ્રીમાં કામ કરનાર વર્કર સ્કીલ્ડ્ છે અને વર્ષોથી કામ કરે છે પણ સ્કીલ સર્ટીફિકેટ અને મેપીગ નથી. આથી આ પ્રોગ્રામમાં સ્કીલ માટે તેઓને સર્ટીફાઇડ કરવામાં આવે છે. જેમાં વર્કરની ગુણવત્તાની ઓળખ થાય છે. વર્ષ ૨૦૧૫માં બનેલી આ યોજના હેઠળ સરકારે અત્યાર સુધી ૧૨થી ૧૪ લાખ યુવાઓને ટ્રેનીગ આપી છે.

ડો. વિજયકુમારે વધુમાં કહયુ કે, જે યુવકો સ્કૂલમાં નહી જઇ શકયા તેઓ પણ આ યોજના હેઠળ ટ્રેનીગ મેળવીને નોકરી કરી શકે છે. આ યોજના વર્ષ ૨૦૧૫માં પાંચ વર્ષ માટે બની હતી. આથી યોજનાની છેલ્લી તારીખ ૧૯ જુલાઇ ૨૦૧૯ હોવાથી વહેલી તકે આ યોજનાનો લાભ લેવા માટે તેમણે ઉદ્યોગકારોને અનુરોધ કર્યો હતો.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના કન્વીનર શ્રી સંજય ગજીવાલા અને સ્કીલ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી ભાવેશ ટેલર અને કો – ચેરમેન શ્રી મનિષ માળીએ પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાંત વકતાએ ઉદ્યોગકારોના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.